# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-03-2024** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ❖ રાજ્યમાં યોજાનારી ચૂંટણીઓ અંગે આદર્શ આચારસંહિતા અમલી થતા સમગ્ર રાજ્યમાં ચૂંટણીતંત્રે કાર્યવાહી હાથ ધરી.
- ❖ **લોકસભા ચૂંટણીમાં મતદાન વધે તે માટે રાજયભરમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરાયું છે.**
- ❖ રાજયની સરકારી યુનિવર્સીટીઓમાં પ્રવેશ માટે કોમન એડમિશન પોર્ટલ પર એપ્રિલથી ઓનલાઇન નોંધણીનો પ્રારંભ થશે.
- ❖ સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્સ્પો-2024નું આજે સમાપન થશે.

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Implementation of the Code of Conduct

રાજ્યમાં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અને પાંચ વિધાનસભાની પેટા ચૂંટણીઓ અંગે આદર્શ આચારસંહિતા અમલી થતા સમગ્ર રાજ્યમાં ચૂંટણીતંત્રે કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ શહેર અને જિલ્લામાં પહેલા જ દિવસે જાહેર મિલકતો પરથી 4 હજાર 918 પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી લેવામાં આવી છે. જ્યારે ખાનગી 2 હજાર 110 પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી લેવામાં આવી છે.

અમારા સુરેન્દ્રનગર જિલ્લાના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે જીલ્લામાં સરકારી અને ખાનગી મિલકતો પરની 2 હજાર 800 થી વધુની પ્રચારાત્મક સામગ્રી હટાવી દેવામાં આવી છે. જાહેર મિલકતો પરથી 1200 જેટલા વોલ પેઇન્ટિંગ, 274 પોસ્ટર, 200 બેનરો સહિતની પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી લેવામાં આવી છે. જ્યારે ખાનગી મિલકતો પરથી 700થી વધુ પોસ્ટરો અને બેનરો દૂર કરવામાં આવ્યા છે.આ ઉપરાંત જાહેર મિલકત ના પ્રચારાત્મક લખાણો-રેખાંકનોને ભૂંસવાની કામગીરી પણ કરવામાં આવી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલીકરણની કામગીરી આગામી દિવસોમાં પણ જારી રહેવાની છે.

તેવી જ રીતે આંચારસંહિતા અમલવારીના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ ૨ હજાર ૮૦૦ થી વધુ પોસ્ટર, બેનર, વોલ રાઇટિંગ અને અન્ય સામગ્રી દૂર કરાવવામાં આવી છે .

વડોદરા જિલ્લામાં સમાવિષ્ટ વડોદરા, છોટાઉદેપુર અને ભરૂચ લોકસભા વિભાગના વિધાનસભા મતવિસ્તારોમાં આદર્શ આચારસંહિતાના અસરકારક અમલીકરણ માટે વડોદરા શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં નોડલ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.

2

આ ઉપરાંત જિલ્લાના ૧૦ વિધાનસભા મત વિભાગદીઠ નોડલ અને મદદનીશ નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. લોકસભાની ચૂંટણીની જાહેરાત થતા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ ટીમો દ્વારા રાજકીય પક્ષોની પ્રચારાત્મક સામગ્રી હટાવી લેવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લાની જાહેર મિલકતો પરથી ૭૪૮ દિવાલો પરના લખાણો, ૩૮૫ પોસ્ટર્સ તથા ૨૩૨ બેનર્સ તેમજ ૬૭૫ જેટલી અન્ય પ્રચારાત્મક સામગ્રી સહિત કુલ ૨૦૪૦ જ્યારે ખાનગી મિલકતો પરથી ૩૦૭ દિવાલ પરના લખાણો, ૩૫૭ પોસ્ટર્સ, ૧૭ બેનર્સ અને ૨૫૩ અન્ય ૯૩૪ સહિત કુલ ૨૯૭૪ જેટલી રાજકીય પક્ષોની પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે.

મહીસાગર જીલ્લામાં લોકસભા ચૂંટણીને લઈ પોલીસ એલર્ટ થઈ ગઈ છે. જીલ્લાના અલગ અલગ વિસ્તારમાં પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ હતી. જિલ્લાના ખાનપુર લુણાવાડા અને સંતરામપુર સહિતના વિસ્તારમાં ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી.

કચ્છના જીલ્લા મથક ભુજ ખાતે જિલ્લા કલેકટર અમિત અરોરાએ પત્રકારોને ચૂંટણી લક્ષી તૈયારીઓ તથા આદર્શ આંચારસંહીતા સહિતના વિષયો પર વિસ્તૃત માહીતી આપી હતી.

અરવલ્લી જિલ્લામાં આદર્શ આચારસંહિતના અમલ સાથે નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ હોવાનું જિલ્લા ચૂંટણી અધિકારી એ જણાવ્યુ છે. તેમણે ઉમેર્યુ કે, મતદાર ચૂંટણી સંબંધી કોઇપણ ફરિયાદ "સી-વિઝીલ" મોબાઇલ એપથી પણ કરી શકશે જેમાં ૧૦૦ મિનિટમાં ફરીયાદનું નિવારણ કરાશે. આ ઉપરાંત ૧૯૫૦ ટોલ ફ્રી નંબર પર કોલ કરીને પણ ફરિયાદ કરી શકાશે તેમ પણ તેમણે જણાવ્યુ હતું.

પાટણમાં જિલ્લા ચૂંટણી અધિકારી અરવિંદ વિજયનની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે રાજકીય પક્ષો સાથે ચૂંટણી આચાર સંહિતા સંબધિત સૂચનાઓ અંગેની બેઠક યોજાઇ ગઈ બેઠકમાં રાજકીય પક્ષો અને ઉમેદવારોએ આદર્શ આચાર સંહિતા દરમિયાન કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

---

-પીટીસી, સુરેન્દ્રનગર, રાજકોટ, માહિતી, નિકીતા કરણ, હર્ષ-(નવીન)

# Voting awareness

આગામી લોકસભા ચૂંટણીમાં વધારેમાં વધારે મતદારો પોતાની ભાગીદારી નોંધાવે એ માટે રાજ્યના અલગ અલગ જીલ્લાઓમાં "મતદાન જાગૃતિ" અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં રાજકોટ જિલ્લાના જસદણ તાલુકા ખાતેના ૭૨ - જસદણ વિધાનસભા મતદાર વિસ્તારમાં "મતદાન જાગૃતિ" અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જસદણ અને વિંછીયા મામલતદાર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ "હું ભારત છું" ગીત સાથે મતદાન જાગૃતિ રેલી યોજી હતી.

પંચમહાલમાં ગોધરા તાલુકાની સાંદિપની નર્સિંગ કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. અમારા પંચમહાલના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે કોલેજના વિદ્યાર્થીઓને ડિજિટલ માધ્યમના ઉપયોગ દ્વારા ચૂંટણીકાર્ડ, મતદાર બુથ કેવી રીતે જાણી શકાય તે માટે માહિતીગાર કરવામાં આવ્યા હતા. આગામી લોકસભા સામાન્ય ચુંટણીમાં તેઓ અવશ્ય મતદાન કરે અને દસ મિનિટ દેશ માટે આપે તે અંગે સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી હતી.

---

-પીટીસી, રાજકોટ, પંચમહાલ, હર્ષ -(નવીન)

# Bike rally

ભાજપ દ્વારા ગઇકાલે ગાંધીનગરમાં ભવ્ય બાઇક રેલીનું આયોજન કરાયું હતું. ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર લોકસભા બેઠક પર ઉમેદવાર તરીકે શ્રી અમિત શાહનું નામ જાહેર કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ભાજપ કાર્યાલય દ્વારા તેમના સમર્થનમાં ગઇકાલે ભવ્ય બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પક્ષના હોદ્દેદારો, અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા.

-----------------------------------------------------------------------

-પીટીસી, ગાંધીનગર, નિકીતા -(નવીન)

# Admission

રાજયની સરકારી યુનિવર્સીટીઓમાં પ્રવેશ માટે કોમન એડમિશન પોર્ટલ પર એપ્રિલથી ઓનલાઇન નોંધણીનો પ્રારંભ થશે.

શિક્ષક વિભાગ દ્વારા રાજયની 14 જેટલી સરકારી યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલી સાયન્સ, કોમર્સ, આર્ટસ તો અને એજ્યુકેશન સહિતના વિદ્યાશાખાના સ્નાતક – અનુસ્નાતક કોર્સમાં પ્રવેશ માટે કોમન એડનીશન સર્વિસીસ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી માટે ટાઇમ ટેબલ જાહેર કરવામાં આવ્યું છે.

જે મુજબ બોર્ડની પરીક્ષા પૂરી થયા બાદ પહેલી એપ્રિલથી કોમન એડિમિશન પોર્ટલ પર વિદ્યાર્થીઓની ઓનલાઇન નોંધણી શરૂ થશે. ધોરણ 12ના પરિણામ બાદ બે સપ્તાહમાં રજીસ્ટ્રેશન પૂર્ણ કરાશે. 3 સપ્તાહમાં મેરિટ લિસ્ટ જાહેર થશે.

---

-ડેસ્ક, નિકીતા -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# SURAT- EXPO-2024

સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર સરસાણા ખાતે આયોજીત ચાર દિવસીય સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્સ્પો-2024નું આજે સમાપન થશે. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા 15 થી 18 માર્ચ દરમિયાન ઓટો એક્સ્પોનું આયોજન કરાયું છે.

જેમાં પશ્ચિમ ભારતના સૌથી મોટા કમ્પોઝીટ ઓટો એક્ઝીબિશનમાં 70 થી વધુ એક્ઝીબીટર્સ દ્વારા કાર, થ્રી વ્હીલર, કોમર્શિયલ વ્હીકલ્સ, ઓટો એસેસરીઝ તથા વર્કશોપને લગતી મશીનરી પ્રદર્શિત કરાઇ રહી છે. જેમાં ખાસ કરીને સાડા ચાર લાખ રૂપિયાથી લઇને સાડા ચાર કરોડ સુધીની કારો, મોટર સાયકલો અને વીન્ટેજ કારો આકર્ષણનું કેન્દ્ર બની છે. દરમિયાન ગઇકાલે આ એક્ઝીબીશનમાં બાઇક રાઇડર્સ દ્વારા સ્ટંટ શો યોજાયો હતો, જેનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધી હતો.

------------

રીપીટ

# Rajput

**રાજપૂત સંસ્થાઓનું 11મું રાજ્ય કક્ષાનું સ્નેહમિલન ગઇકાલે જામનગર ખાતે યોજાયુ હતું.**

આ સમ્મેલનમાં રાજ્યભરમાંથી રાજપૂત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજપૂત સમાજના સર્વાંગી વિકાસ શિક્ષણ રોજગાર ઉદ્યોગ અને સામાજિક પ્રશ્નો અંગે આ સ્નેહ મિલનમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી, આ સ્નેહમિલનમાં જામનગર ઉપરાંત દ્વારકા, ભાવનગર, જૂનાગઢ, અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાંથી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચા વિચારણામાં ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------

-ડીડી, નિકીતા-(નવીન)

# WEATHER

રાજયમાં તાપમાનમાં વધારા સાથે ગરમીનું પ્રમાણ વધ્યું છે. ગઇકાલે રાજયના 12 શહેરોમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રીથી વધુ નોંધાયું છે. સૌથી વધુ મહત્તમ તાપમાન નલીયામાં 38 ડિગ્રી સેલ્સીયસ નોંધાયું છે.

આ સાથે રાજકોટમાં મહત્તમ તાપમાન 37.9, અમરેલીમાં 37.6, ભુજમાં 37.4, વડોદરામાં 36.4, અમદાવાદમાં 36.1 અને કંડલા તથા ગાંધીનગરમાં 36 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 4-5 દિવસોમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સે.નો વધારો થશે.

---------------------------------------------------------------------

-યાદી, નિકીતા -(નવીન)

# JAMNAGAR-BLIND

જામનગરના પ્રજ્ઞાચક્ષુ ડોકટર પ્રકાશ મંકોડીને દિવ્યાંગજનો તેમજ પ્રજ્ઞાચક્ષુઓની શ્રેષ્ઠ કામગીરી માટે જૈનદર્શન શાસ્ત્રી કુમારપાળ દેસાઈ તથા સંસ્કૃત ભાષાના પ્રખર વિદ્વાન ડોકટર ગૌતમ પટેલ ની ઉપસ્થિતિમાં ડોકટર નીલકંઠ રાય છત્રપતિ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યો હતો.

અમારા જામનગરના પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે પારિતોષિક એનાયત થતાં જામનગર પ્રજ્ઞાચક્ષુ વિવિધલક્ષી તાલીમ કેન્દ્રમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે જામનગર અંધજન તાલીમ કેન્દ્ર માટે પ્રકાશભાઈ વર્ષોથી સક્રિય કામગીરી કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

PTC-JAMNAGAR-JAGAT RAVAL, J.PATEL, SONAL

# Western Railway

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને હુબલી વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

જે મુજબ અમદાવાદ હુબલી સ્પેશિયલ ટ્રેન 25 માર્ચ સોમવારના રોજ અમદાવાદથી રાત્રે 9 વાગીને 25 મિનીટે ઉપડીને બીજા દિવસે રાત્રે 7 વાગીને 45 મિનીટે હુબલી પહોંચશે.

આ ટ્રેન આણંદ, વડોદરા, સૂરત,વાપી, બોઈસર, વસઈ રોડ, કલ્યાણ, લોનાવલા, પુણે, સતારા, સાંગલી, મિરજ, ઘાટપ્રભા, બેલગામ અને ધારવાડ સ્ટેશનો ઉપર રોકાશે. આ ટ્રેન માટેનું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ કરાયું છે. આ ટ્રેનોના વીશે વધુ માહિતી www.enquiry.indianrail.gov.in પર મેળવી શકાશે.

---

-અપર્ણામેમ, હર્ષ -(નવીન)

# SURAT SHOOTING

સુરત ખાતે ચાલી રહેલી રાયફલ શૂટિંગ સ્પર્ધાનું આજે સમાપન થશે.

સુરત રાયફલ શૂંટિગ એસોસિએશન દ્વારા 16 તારીખ શરૂ થયેલી આ ચેમ્પિયનશિપમાં સમગ્ર ગુજરાતમાંથી 250 નિશાનેબાજ ભાઈઓ-બહેનો ભાગ લઈ રહ્યાં છે. આ સ્પર્ધામાં સુરત શહેરના આઈએએસ અને આઈપીએસ  સહિતના અધિકારીઓએ પણ ભાગ લઈ રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, રાયફલ શૂટિંગને પ્રાધાન્ય આપવા  સરકાર પણ સીઓઇ તેમજ એક્સિલન્સી જેવા કેમ્પો કરીને શૂટર્સોને આગળ વધવામાં ઘણી સહાયતા પૂરી પાડી રહી છે.

સ્કૂલ ડિસ્ટ્રિક્ટ શૂટિંગ કોમ્પિટિશન, સ્ટેટ શૂટિંગ કોમ્પિટિશન ઘણી વિવિધ શૂટિંગ કોમ્પિટિશનોનું દર વર્ષે આયોજન ખેલાડીઓ કરવામાં આવે છે.

------------

રીપીટ

# NTA EXAM

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી - NTA દ્વારા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 15 મે થી 31 મે વચ્ચે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં સ્નાતક અભ્યાસક્રમો માટેની પરીક્ષા યોજાશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ એમ જગદીશ કુમારે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું છે કે રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા અને તેમનું ભૌગોલિક સ્થાન અરજીની છેલ્લી તારીખ 26 માર્ચ પછી જાણી શકાશે.

તેમણે કહ્યું કે NTA આ માહિતી અને મતદાનની તારીખોના આધારે 15 મે અને 31 મે વચ્ચે પરીક્ષાની તારીખો નક્કી કરશે.

------------

રીપીટ